બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૩ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. માનસીપૂજાના સમય
(૧) ☐ રાજભોગ (૨) ☐ સંધ્યા
(૩) ☐ મધ્યાન (૪) ☐ પ્રાતઃ

૨. બહારનો કુસંગ
(૧) ☐ ખરાબ મિત્રો (૨) ☐ મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે.
(૩) ☐ ટી.વી. (૪) ☐ સારા સાધુ - હરિજનમાં ખટપટ કરાવે.

૩. ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં તેનાં નામ
(૧) ☐ ગઢડા મધ્ય ત્રેવીસમું (૨) ☐ અમદાવાદનું ત્રીજું
(૩) ☐ ગઢડા પ્રથમનું ત્રીસમું (૪) ☐ ગઢડા મધ્ય પિસ્તાલીસમું

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સંપ, સુહૃદભાવ અને એકતાનો સામૂહિક અર્થ શું છે ?
૨. આસક્તિને કારણે શું કરવાથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે ?
૩. યોગીજી મહારાજના કહેવા પ્રમાણે સત્પુરુષની સાથે કોની જેમ રહેવું જોઈએ ?
૪. સંપ માટેના પાંચ 'મ' કાર કયા છે ?
૫. એકાંતિક ધર્મનાં ચાર અંગોમાં જે 'જ્ઞાન' છે તે શેનો નિર્દેશ કરે છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** ટેલ-ચાકરી કરવી તે પણ ભક્તિ છે.
**ઉત્તર :-** ભક્તિનું તાત્પર્ય અને તેના પ્રકારો

૧. તેમાં જો કુંડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે.
૨. પોતાના ધર્મથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી એ ઠીક નહિ.
૩. ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થતી નથી.
૪. એમાં જેવા દોષ કલ્પે તેવા દોષ પોતાનામાં આવે.
૫. બધાં મંડળ એકમના રહીને સંપથી કાર્ય કરે તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરશે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** ધર્મ
**ઉત્તર :-** ૧. ધર્મનું તાત્પર્ય ૨. ધર્મની આવશ્યકતા ૩. શ્રીજીમહારાજનો ધર્મ પાળવા માટે આગ્રહપૂર્વક આદેશ ૪. ધર્મ દૃઢ કરવાના ઉપાયો

૧. ભક્તિ વિષયક વિશેષ વિભાવના ૨. શ્રીસ્વામિનારાયણીય સાધના

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. આત્મનિષ્ઠાવગર ખોટ **અથવા** ૨. પ્રત્યક્ષ પૂજા
૩. ધર્મ દૃઢ કરવાના ઉપાયો **અથવા** ૪. સંકલ્પનિષ્ઠાની અદ્‌ભુત શક્તિ

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. વૈચારિક સાધના : પ્રાપ્તિના મહિમાનો વિચાર ૨. સર્વસુગમ અને સર્વસુલભ સાધના

## વિભાગ - ૨ : 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી - ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. આ લોક અને પરલોકના ભોમિયા ગુણાતીતાનંદ સ્વામી ('અમૃત લાવો' થી 'ઊનામાં સુંદરજી શેઠને ઉપાધિ' સુધીના જ પ્રસંગો)
૨. બાળ મૂળજીની અલૌકિક સ્થિતિ ('આપણે સાધુ નથી થવું' થી 'આ બંને તો અમારા જ છે.' સુધીના જ પ્રસંગો)
૩. બ્રાહ્મી સ્થિતિના ઘડવૈયા સ્વામીશ્રી ('રાધા ભક્તને દિવ્ય દર્શન' થી 'પશ્ચાત્તાપથી પાપ બળે છે.' સુધીના જ પ્રસંગો)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૩-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. કથાવાર્તાના પરમ વ્યસની ગુણાતીતાનંદ સ્વામી

૨. નમ્રતા નિધિ : ગુણાતીતાનંદ સ્વામી

૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે કરાવેલી ઓળખાણ ('મુક્તાનંદ સ્વામીના મંડળમાં' થી 'સાધુની ઝોળીમાં કિંમતી રૂમાલ' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. મેખા ટીંબી તો મસાણ ખડી છે. ૨. સંપ્રદાયોનું નિરીક્ષણ

૩. તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? ૪. ઉમરેઠમાં : 'આજ તો રસ-રોટલી ખૂબ જમો.'

૫. કારણ શું ને કાર્ય શું ?

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. વિશ્વરૂપાનંદ સ્વામી ૨. હંસરાજ પટેલ

## વિભાગ - ૩ : 'સનાતન ધર્મ અભિગમ' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. જ્યારે અન્ન મળે ત્યારે જોનારો શામાં સમર્થ થાય છે ?

૨. એક ઉક્તિમાં ધનિક અને ગરીબની પાચનશક્તિ માટે શું કહ્યું છે ? ૩. કઈ તપશ્ચર્યા ત્રણે લોકમાં મોટી છે ?

૪. સૌહિત્ય ભોજન એટલે કેવું ભોજન ? ૫. મીરાંને કોણે પોતામાં સમાવી લીધાં ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. બ્રહ્મચર્ય શું છે ?

૨. આહારશુદ્ધિમાં ગંધ વિષે શ્રીજીમહારાજ વચનામૃતમાં શું કહે છે ?

૩. પુનર્જન્મ અંગે ચર્ચના અગ્રણીઓ શું કહે છે ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. મૂર્તિની પૂજા, ધ્યાન તથા ઉપાસના માટે મંદિરો વિષે શ્રીજીમહારાજે શું કહ્યું છે ? તેનાથી શું થાય છે ?

૨. ભગવાનની ઈચ્છા કે કર્મ.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી થી વીસ લીટીમાં)** [૬]

૧. મરણોત્તર જીવનમાં વિદેશીઓનો વધતો જતો વિશ્વાસ. ૨. નિષ્કામી થવાનો ઉપાય.

* * *

સૂચના :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**